# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. નવી દિલ્હીમાં આજે બીજી ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠક યોજાશે
2. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને હરિયાણાના સૂરજકુંડ ખાતે 39માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય સ્વનિર્ભર હસ્તકલા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છમાં છરી-ધાંડ અને ઉત્તરપ્રદેશના ઈટાહમાં પટના પક્ષી અભયારણ્યને રામસર સ્થળોની યાદીમાં સામેલ કરવા બદલ ખુશી વ્યક્ત કરી.
4. તામિલનાડુના કુડલુર જિલ્લામાં એક કાર યાત્રાળુઓની ભીડમાં ઘૂસી જતાં ચાર મહિલાઓના મોત
5. ભારત આજે તિરુવનંતપુરમ ખાતે પાંચમી અને અંતિમ ટી - 20 ક્રિકેટ મેચમાં ન્યુઝીલેન્ડ સામે રમશે.

,,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV INDIA-ARAB MEET

ઓમાન સલ્તનતના વિદેશ મંત્રી બદ્ર અલબુસૈદી નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ આજે નવી દિલ્હીમાં યોજાનારી બીજી ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેમની મુલાકાત ભારત અને ઓમાન વચ્ચે બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

સંયુક્ત આરબ અમીરાત ( UAE) ના વિદેશ રાજ્યમંત્રી ખલીફા શાહીન અલ મરાર પણ આ બેઠકમાં ભાગ લેવા માટે નવી દિલ્હી પહોંચ્યા છે.

**(બાઈટ - ANAND-INDIA-UAE)**

. . . . . . . . . . . . . . . . . . . .

# VP SURAJKUND FESTIVAL

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને હરિયાણાના સૂરજકુંડ ખાતે ૩૯માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય સ્વનિર્ભર હસ્તકલા મહોત્સવની શરૂઆત કરાવી. "સ્થાનિકથી વૈશ્વિક - આત્મનિર્ભર ભારત" થીમ ધરાવતા આ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે  કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની ઉપસ્થિત રહ્યા હતા.

હસ્તકલા મહોત્સવમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વણકરો અને કારીગરો દ્વારા એક હજાર 200થી વધુ સ્ટોલ લગાવવામાં આવ્યા છે. ઇજિપ્ત ચોથી વખત ભાગીદાર દેશ છે. 16 દિવસીય શિલ્પ મહોત્સવનો સમાપન સમારોહ 15મી ફેબ્રુઆરીએ યોજાશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# PM - WETLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છમાં છરી-ઘાંડ અને ઉત્તર પ્રદેશના ઈટાહમાં પટના પક્ષી અભયારણ્યને રામસર સ્થળોની યાદીમાં સામેલ કરવા બદલ ખુશી વ્યક્ત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ આ જિલ્લાઓના સ્થાનિક નાગરિકો તેમજ જળભૂમિ સંરક્ષણ પ્રત્યે ઉત્સાહી તમામ લોકોને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે , આ માન્યતાઓ જૈવવિવિધતાના સંરક્ષણ અને મહત્વપૂર્ણ ઇકોસિસ્ટમના રક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે આ જળભૂમિઓ અસંખ્ય સ્થળાંતરિત અને મૂળ પ્રજાતિઓ માટે સલામત રહેઠાણ તરીકે વિકાસ પામતી રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# PM - PUNJAB

સંત ગુરુ રવિદાસની 649મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પંજાબની મુલાકાતે જશે. શ્રી મોદી આદમપુર હવાઈ મથકનું નવું નામ શ્રી ગુરુ રવિદાસ જી એરપોર્ટ, આદમપુર રાખશે.

પ્રધાનમંત્રી મોદી લુધિયાણાના હલવારા એરપોર્ટ ખાતે ટર્મિનલ બિલ્ડિંગનું પણ ઉદ્ઘાટન કરશે. હલવારા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ભારતીય વાયુસેના સ્ટેશન પણ છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MOR NIRMALA-BUDGET

નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે. લોકસભામાં બજેટ રજૂ થયા બાદ બજેટની નકલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે.

2019માં નાણામંત્રીનું પદ સંભાળ્યા પછી શ્રીમતી સીતારમણ દ્વારા આ સતત નવમું બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં આ ત્રીજું બજેટ હશે. સંસદમાં બજેટ ભાષણ પૂર્ણ થયા પછી બજેટ દસ્તાવેજો મોબાઇલ એપ અને વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

નાણામંત્રીએ અર્થશાસ્ત્રીઓ, વેપાર સંઘો, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર , MSME, ઉદ્યોગ, અર્થશાસ્ત્રીઓ, નાણાકીય ક્ષેત્ર અને મૂડી બજારોના નિષ્ણાતો અને પ્રતિનિધિઓ સહિત અનેક હિસ્સેદારો સાથે બજેટ પૂર્વે પરામર્શ બેઠકો યોજી હતી.

કૃષિ મંત્રી શિવરાજ સિંહે કૃષિ અને ગ્રામીણ વિકાસ સંબંધિત વિવિધ પાસાઓ પર વ્યાપક બજેટ પૂર્વે પરામર્શ કરી નાણામંત્રીને સૂચનોનો સંકલિત અહેવાલ સુપરત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . .

# PIB FACT CHECK-BUDGET

સરકારે કેન્દ્રીય બજેટ 2026-27 ની સ્કેન કરેલી નકલ મેસેન્જર એપ પર લીક થઈ હોવાના સોશિયલ મીડિયામાં ફરતા એક મેસેજનું ખંડન કર્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો- PIBના ફેક્ટ ચેક યુનિટે માહિતી આપી કે આ દાવો ખોટો છે. સોશિયલ મિડિયા ફરી રહેલી તસવીર કેન્દ્રીય બજેટ 2026-27 સાથે સંબંધિત નથી પરંતુ કેન્દ્રીય બજેટ 2025-26 ની છે, જે ડિજિટલી એડિટ કરવામાં આવી છે.

સરકારે લોકોને ફક્ત અધિકૃત સ્ત્રોતો પર આધાર રાખવા અને સોશિયલ મીડિયા પર વણચકાસાયેલ સામગ્રી શેર કરવાનું ટાળવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# HOME MINISTRY - IGP

કેન્દ્ર સરકારમાં પોલીસ મહાનિરીક્ષક (IGP) તરીકે પોસ્ટિંગ માટે લાયક બનવા માટે સરકારે ભારતીય પોલીસ સેવા ( IPS) ના અધિકારીઓ માટે પોલીસ અધિક્ષક (SP) અને નાયબ નિરીક્ષક ( DIG) ના રેન્કના બે વર્ષનો કેન્દ્રીય અનુભવ ફરજિયાત બનાવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંદર્ભમાં રાજ્ય સરકારોના તમામ મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નિર્દેશ 2011 બેચથી IPS અધિકારીઓને લાગુ પડશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . . .**

# SOIL HEALTH CARDS

દેશભરના ખેડૂતોને 25 કરોડથી વધુ સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. માટીમાંથી પોષક તત્વોની ઉણપને દૂર કરવાના હેતુથી 2015 માં આ યોજના શરૂ કરાઇ હતી.

ગયા વર્ષે જુલાઈ સુધીમાં , આ યોજના હેઠળ 93 હજારથી વધુ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે, 6 લાખથી વધુ ક્ષેત્ર નિરીક્ષણો હાથ ધરવામાં આવ્યા છે, આ સાથે ઘણા બધા જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. સરકારે જણાવ્યા પ્રમાણે આ સિદ્ધિઓ યોજનાના વિસ્તરણ અને વૃદ્ધિના પ્રમાણને દર્શાવે છે.

માટીના ભૌતિક-રાસાયણિક અને પોષક સ્થિતિ વિશે માહિતી પ્રસારિત કરવા માટે દર બે વર્ષે સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MAHA-NCP

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - NCPના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી છગન ભુજબળે જણાવ્યું કે પક્ષના નવા નેતાની પસંદગી માટે આજે મુંબઈમાં ધારાસભ્ય દળની બેઠક મળશે.

બુધવારે વિમાન દુર્ઘટનામાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન બાદ આ પદ ખાલી છે. અજિત પવારના પત્ની સુનેત્રા પવારને નવા નેતા તરીકે ચૂંટવામાં આવે તેવી શક્યતા છે.

દરમિયાન, પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ ગઈકાલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરી અજિત પવારના આકસ્મિક નિધનથી ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# WHO-NIPAH

વિશ્વ આરોગ્ય સંગઠન - WHOએ સ્પષ્ટતા કરી છે કે ભારતમાંથી જીવલેણ નિપાહ વાયરસ ફેલાવાનું જોખમ ઓછું છે અને કોઈપણ મુસાફરી અથવા વેપાર પ્રતિબંધોની જરૂર નથી. પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લામાં નિપાહ વાયરસના બે કેસની પુષ્ટિ થયા બાદ WHO ની ટિપ્પણી આવી છે.

WHO જણાવ્યું કે, તે ભારતનાં આરોગ્ય અધિકારીઓ સાથે મળીને કામ કરી રહ્યું છે. ભારત સરકારે પશ્ચિમ બંગાળમાં એક પ્રતિક્રિયા ટુકડી તૈનાત કરી છે. વ્યક્તિ થી વ્યક્તિમાં વાયરસ ફેલવામાં વધારો થવાના કોઈ પુરાવા હજુ સુધી મળ્યા નથી.

અગાઉ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મીડિયાના કેટલાક વિભાગોમાં નિપાહ વાયરસ અંગેના અનુમાનિત અને ખોટા આંકડા પ્રસારિત થયા બાદ સ્પષ્ટતા કરી હતી. મંત્રાલયે જણાવ્યું કે , બે કેસની પુષ્ટિ થયા પછી , સરકારે સ્થાપિત પ્રોટોકોલ અનુસાર તાત્કાલિક અને વ્યાપક જાહેર આરોગ્ય પગલાં શરૂ કર્યા છે.

નિપાહ વાયરસ એક ઝૂનોટિક રોગ છે જે મુખ્યત્વે ચામાચીડિયાથી મનુષ્યોમાં ફેલાય છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# J&K - SPECIAL TRAIN

જમ્મુ કાશ્મીરમાં આજે શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અને શ્રીનગર વચ્ચે એક ખાસ રિઝર્વ્ડ ટ્રેન ચલાવાશે. પ્રતિકૂળ હવામાનને કારણે હવાઈ અને માર્ગ ટ્રાફિકમાં અવરોધો થતાં મુસાફરોને સુવિધા માટે આ નિર્ણય લેવાયો છે.

આ મહિનાની 27 અને 28 તારીખે અગાઉની ખાસ ટ્રેનો સંપૂર્ણ ક્ષમતા સાથે દોડી હતી. મુસાફરો વધુ વિગતો સત્તાવાર રેલ્વે વેબસાઇટ , હેલ્પલાઇન નંબર 139 અથવા રાષ્ટ્રીય ટ્રેન પૂછપરછ સિસ્ટમ દ્વારા મેળવી શકશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# TAMILNADU ACCIDENT

તમિલનાડુના કુડલુર જિલ્લામાં તીટ્ટાકુડી નજીક એક અનિયંત્રિત કાર યાત્રાળુઓની ભીડમાં ઘૂસી જતાં અનેક યાત્રાળુઓ કચડાયાં હતાં.

ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા , જ્યારે એક મહિલા ગંભીર રીતે ઘાયલ  થતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.પેરંબલુર શહેર પોલીસે અકસ્માત સંદર્ભે કેસ નોંધ્યો છે અને કારના ડ્રાઇવરની પૂછપરછ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-T20

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે તિરુવનંતપુરમ ખાતે પાંચમી અને અંતિમ ટી 20 આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમને બુધવારે વિશાખાપટ્ટનમ ખાતે ચોથી મેચમાં ન્યુઝીલેન્ડ સામે 50 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં, ભારતીય ટીમે પાંચ મેચની શ્રેણીમાં 3-1થી અજેય સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# THAILAND MASTERS

થાઈલેન્ડ માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં આજે ભારતની દેવિકા સિહાગનો મુકાબલો ચાઈનીઝ તાઈપેઈની ખેલાડી સામે થશે. મેચ બપોરે 1.45 વાગ્યે શરૂ થશે.

દેવિકાએ ક્વાર્ટર ફાઇનલમાં થાઈલેન્ડની ખેલાડી સુપાનિદા કાટેથોંગને પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

# ARTEMIS II LAUNCH POSTPONED

અમેરિકાની અવકાશ સંસ્થા નાસાએ ચંદ્ર પરના તેના આર્ટેમિસ- 2 મિશનને મુલતવી રાખ્યું છે. ફ્લોરિડામાં પ્રતિકૂળ હવામાનને કારણે આઅ નિર્ણય લેવાયો છે. અવકાશ એજન્સી 6 ફેબ્રુઆરીના બદલે હવે 8 ફેબ્રુઆરીએ મિશન લોન્ચ કરશે.

આર્ટેમિસ-2 દસ દિવસનું માનવયુક્ત મિશન છે. જેમાં ઓરિઅન અવકાશયાન અને ઊંડી અવકાશ સંશોધન પ્રણાલીઓનું પરીક્ષણ કરવા માટે ચાર અવકાશયાત્રીઓ ચંદ્રની નજીકજશે. જો કે અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારવામાં નહીં આવે.

. . . . . . . . . . . . . . . . . . .